પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૦૮ | ૨૮ જુન, ૨૦૧૭, બુધવાર ; અષાઢ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### મીરાકુમાર આજે ઉમેદવારીપત્ર ભરશે



રાષ્ટ્રપતિપદ માટેના વિરોધ પક્ષોના ઉમેદવાર સુશ્રી મીરાકુમાર બુધવારે ૧૧.૩૦ કલાકે પોતાનુ ઉમેદવારીપત્ર ભરશે. આ સમયે કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી સહિત અનેક મુખ્યમંત્રીઓ પણ ઉપસ્થિત રહેશે.

### શબનમ હાશમીએ એવોર્ડ પરત કર્યા

જાણીતા સામાજીક કાર્યકર



શબન હાશમીએ મુસ્લિમો સામે વધતી હિંસા સામે વિરોધ દર્શાવવા પોતાને એનાયત થયેલ એવોર્ડ અને પુરષ્કાર મંગળવારે પરત કર્યા હતા. આજે સવારે લઘુમતિઓના રાષ્ટ્રીય પંચના ડાયરેક્ટર પ્રત્યક્ષ મુલાકાત કરી પરત કર્યા હતા.

### હવે રવિ શાસ્ત્રી કોચ બનશે

કુંબલે-કોહલીના વિવાદ બાદ ભારતીય ટીમના મુખ્ય કોચની ખાલી જગ્યા માટે ટીમના ડિરેક્ટર પદે રહી ચુકેલા રવિ શાસ્ત્રીએ ઈચ્છા વ્યક્ત કરી કોચની ભૂમિકા માટે રવિ શાસ્ત્રીને નિમવા વિરાટ કોહલીનો આગ્રહ છે.

# મોદી-ટ્રમ્પની મિત્રતાથી ચીન ભયમાં

**ટ્રમ્પ મોદીની પ્રથમ બેઠકમાં જ જોરદાર કેમેસ્ટ્રીની ચીને નોંધ લીધી : અમેરિકાની સાથે મળીને ચીનનો મુકાબલો કરવાના ભારતના પ્રયાસો તેના હિતમાં નથી આના વિનાશકારી પરિણામ આવશે : ચીનની પોકળ ચેતવણી**



બેજિંગ,તા. ૨૭

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે થયેલી વોશિંગ્ટનમાં સફળ મંત્રણાતી ચીન હચમચી ઉઠ્યું છે. વોશિંગ્ટનમાં થયેલી આ વાતચીતને લઈને ચીનની ઉંઘ હરામ થઈ ગઈ છે. ભારત અને અમેરિકા વચ્ચે વધતી જતી મિત્રતાની વાત ચીનના ગળે ઉતરી રહી નથી. ચીનના સરકારી મિડિયામાં કહેવામાં આવ્યું છે કે, અમેરિકા સાથે મળીને ચીનની સરખામણીમાં ઉભા થવાના ભારતના પ્રયાસો તેના હિતમાં નથી. ચીને સાથે સાથે આના વિનાશકારી પરિણામ આવવાની ધમકી પણ આપી છે. ગ્લોબલ ટાઈમ્સમાં પ્રકાશિત થયેલા લેખ મુજબ ચીનના વધતા પ્રભાવથી અમેરિકા અને ભારત ચિંતિત છે જેના લીધે આવું આયોજન થઈ રહ્યું છે. હાલના દિવસોમાં ચીનના વધતા જતાં પ્રભાવને રોકવા માટે અમેરિકાએ ભારતની સાથે પોતાના સંબંધોને વધુને વધુ મજબૂત કર્યા છે. ટ્રમ્પ સત્તામાં આવ્યા બાદ બંને નેતાઓ વચ્ચેની આ પ્રથમ બેઠક હતી. ભારત, જાપાન અને ઓસ્ટ્રેલિયાની જેમ અમેરિકાના નજીકના મિત્રો તરીકે નથી.

● અનુસંધાન પાન-૭ પર

## કુખ્યાત ત્રાસવાદી સલાઉદ્દીન વૈશ્વિક આતંકવાદી જાહેર

**મોદી-ટ્રમ્પની બેઠક પહેલા જ નિર્ણય લેવાયો : પાકિસ્તાનને ફટકો પડ્યો : ભારતની રાજદ્વારીના મોરચે મોટી જીત : પાકિસ્તાન પર દબાણ વધારવામાં સફળતા**



વોશિંગ્ટન, તા. ૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે શિખર વાતચીત થાય તે પહેલા જ ભારતને મોટી સફળતા મળી હતી જ્યારે પાકિસ્તાનને મોટો ફટકો પડ્યો હતો. કારણ કે અમેરિકાએ અનેક હુમલા માટે જવાબદાર કુખ્યાત ત્રાસવાદી સલાઉદ્દીનને આંતરરાષ્ટ્રીય ત્રાસવાદી તરીકે જાહેર કરી દીધો હતો.

વાતચીત પહેલા જ ભારતની મોટી રાજદ્વારી જીત થઈ હતી. અમેરિકામાં વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે, સઈદ સલાઉદ્દીનના નામથી લોકપ્રિય જાણીતા મોહમ્મદ યુસુફ શાહને ત્રાસવાદ તરીકે જાહેર કરવામાં આવી રહ્યો છે. તેને વૈશ્વિક આતંકવાદી જાહેર કરવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## મોદીની વ્હાઈટ હાઉસની મુલાકાત સફળ

**મોદી-ટ્રમ્પની ઐતિહાસિક સફળ મંત્રણા : ત્રાસવાદીઓ અને ત્રાસવાદીઓના આશ્રય સ્થાનોને નષ્ટ કરવા પાકિસ્તાનને સૂચના : વેપાર, સુરક્ષા, દ્વિપક્ષીય સહકાર તેમજ અફઘાનના પ્રશ્ને ચર્ચા થઇ**



વોશિંગ્ટન,તા. ૨૭

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઈકાલે મોડી રાત્રે વ્હાઈટ હાઉસમાં ઐતિહાસિક સફળ બેઠક યોજી હતી. આ સફળ બેઠક બાદ બંને નેતાઓએ વ્હાઈસ હાઉસમાં એક સંયુક્ત નિવેદન જારી કર્યું હતું. જેમાં બંને નેતાઓએ પાકિસ્તાનને સ્પષ્ટપણે ચેતવણી આપતા સરહદ પારથી ત્રાસવાદને બંધ કરવા કહ્યું હતું. સાથે સાથે આતંકવાદીઓ સામે નક્કર પગલા લેવાની પણ સૂચના આપી હતી. નરેન્દ્ર મોદી અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે આ પ્રથમ મુલાકાત હતી. આ વાતચીતમાં તમામ દ્વિપક્ષીય મુદ્દા છવાયા હતા. ત્રાસવાદ ઉપરાંત ટ્રમ્પ

● અનુસંધાન પાન-૭ પર

### મુંબઈમાં અવિરત વરસાદ જારી : જનજીવન ખોરવાયું

મુંબઈ, તા. ૨૭

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં ભારે વરસાદ આજે પણ જારી રહેતા જનજીવન પર પ્રતિકુળ અસર થઈ હતી. નિચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને છેલ્લા કેટલાક દિવસથી ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. કારણ કે અવિરત વરસાદ જારી રહ્યો છે. મુંબઈમાં લાઈફ લાઈન સમાન ગણાતી મુંબઈની લોકલ ટ્રેન સેવાને પણ પ્રતિકુલ અસર થઈ છે. કારણ કે કેટલીક જગ્યાએ ટ્રેક પર પાણી ભરાઇ ગયા છે. સાવચેતીના પગલારૂપે ટ્રેનોની ગતિ ધીમી કરી દેવામાં આવી છે. મુંબઇ શહેરના કેટલાક ભાગોમાં તો જળબંબાકારની સ્થિતી સર્જાઇ ગઇ છે.

## નાણાંકીય વર્ષ ૨૦૧૮થી બદલી દેવાની તૈયારીઓ

**નવેમ્બર મહિનામાં બજેટ રજૂ કરાય તેવી શક્યતા : ૧૫૦ વર્ષ જુની પરંપરાને હવે મોદી સરકાર અંત લાવશે**

નવીદિલ્હી, તા. ૨૭

વર્ષ ૨૦૧૮થી નાણાંકીય વર્ષ બદલાઈ જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. એપ્રિલના બદલે જાન્યુઆરીથી ભારતમાં નાણાંકીય વર્ષની શરૂઆત થશે. કેન્દ્ર સરકાર ૧૫૦ વર્ષ જુની પરંપરાનો અંત લાવવાની તૈયારીમાં છે. આનો મતલબ એ થયો કે, આગામી બજેટ આ વર્ષે નવેમ્બર મહિનામાં કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરવામાં આવી શકે છે. ઉચ્ચ સ્તરીય સરકારી સુત્રોએ આજે આ મુજબની માહિતી આપી છે. સુત્રોનું કહેવું છે કે, સરકાર કેલેન્ડર વર્ષની સાથે નાણાંકીય વર્ષને જોડવાના મુદ્દા ઉપર કામ કરી રહી છે. આ ફેરફાર માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વ્યાપક તરફેણ કરી ચુક્યા છે. આ વર્ષે પહેલી ફેબ્રુઆરીના દિવસે બજેટ રજૂ કરવાની પ્રક્રિયા શરૂ કરીને એક મોટા ફેરફારની શરૂઆત કર્યા બાદ આ બીજો ઐતિહાસિક ફેરફાર રહેશે. આની સાથે જ ફેબ્રુઆરીના અંતિમ સપ્તાહમાં વાર્ષિક કવાયત રજૂ કરવાની દશકો જુની પ્રથાનો પણ અંત આવી જશે. સંસદનું બજેટ સત્ર ડિસેમ્બર પહેલા યોજવાની પણ કવાયત છે જેથી અંદાજપત્રીય કવાયત આ વર્ષના અંત સુધી પૂર્ણ કરી લેવામાં આવશે. બજેટની કવાયતને પૂર્ણ કરવા માટે ઓછામાં ઓછા બે મહિનાનો સમય લાગે છે જેથી બજેટ સત્ર રજૂ કરવા માટેની સંભવિત તારીખ નવેમ્બર મહિનાના પ્રથમ સપ્તાહની રહી શકે છે.

● અનુસંધાન પાન-૭ પર





## સરકારી યોજનાઓના લાભ માટે ઓક્ટોબરથી આધાર જરૂરી બનશે

**આધાર કાર્ડ બનાવવા માટે લોકોને વધુ ત્રણ મહિનાની મહેતલ : વચગાળાનો આદેશ આપવા માટેનો સુપ્રીમ કોર્ટનો સાફ ઇન્કાર પરંતુ આધાર કાર્ડ નહીં ધરાવતા લોકોને સરકારી યોજનાઓથી વંચિત રાખવાનો ઇન્કાર**

નવીદિલ્હી,તા. ૨૭

સુપ્રીમ કોર્ટે સામાજિક કલ્યાણ સાથે જોડાયેલી જુદી જુદી યોજનાઓના લાભ લેવા માટે આધાર કાર્ડને ફરજિયાત કરનાર સરકારી અધિસૂચના ઉપર વચગાળાના આદેશને આપવાનો ઈન્કાર કરી દીધો છે. જો કે, કોર્ટે રાહત આપતા કહ્યું છે કે, જે લોકોની પાસે હાલમાં આધાર કાર્ડ નથી તેમને સરકારી યોજનાઓથી વંચિત કરી શકાય નહીં. કોર્ટે પોતાના ૯મી જૂનના ચુકાદાનો હવાલો આપતા કહ્યું છે કે, આ મામલામાં આનાથી વધારે મૂલ્યાંકન કરવાની જરૂર નથી. અવધિ વધારી દેવામાં આવી છે. સરકારી યોજનાઓ માટે હવે ઓક્ટોબરથી આધાર કાર્ડ જરૂરી રહેશે. કોર્ટે આ મામલામાં આગામી સુનાવણીની તારીખ ૭મી જુલાઈ નક્કી કરી છે. બીજી બાજુ કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને કહ્યું છે કે, જે લોકોની પાસે હજુ આધાર કાર્ડ નથી તેમને ૩૦મી સપ્ટેમ્બર સુધી સામાજિક કલ્યાણ યોજનાઓનો લાભ લેવા માટે કહેવામાં આવ્યું છે. આ અગાઉ સરકારે ૩૦મી જૂનની સમય મર્યાદા નક્કી કરી હતી. તેના કહેવા મુજબ ૩૦મી જૂન બાદ સામાજિક કલ્યાણ યોજનાઓનો લાભ લેવા માટે આધાર ફરજિયાત કરવાની વાત હતી પરંતુ હવે તેની અવધિ બીજા ત્રણ મહિના વધારી દેવામાં આવી છે. આનો મતલબ એ થયો કે સરકારી યોજનાઓનો લાભ લેવા માટે હવે લોકોને આધાર કાર્ડ બનાવવા માટે બીજા ત્રણ મહિનાની મહેતલ મળી ગઈ છે. સુપ્રીમ કોર્ટે અગાઉ ૯મી જૂનના દિવસે અતિમહત્વપૂર્ણ તારણ આપ્યું હતું. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું હતું

● અનુસંધાન પાન-૭ પર

